GUJARAT VIDYAPITH KRISHI VIGYAN KENDRA
AMBHETI, DIST. – VALSAD (GUJARAT)

# NEWSLETTER

JAN - JUNE, 2022

Number 21



*My life is My Message*

**PATRON**
Dr R. A. Khimani

**Chief Editor**
Dr R. F. Thakor
Senior Scientist & Head

**Editorial Team**
Shri K. A. Patel
Shri A. R. Patel
Shri L. T .Kapur
Shri M. M. Gajjar

**Support**
Dr B. M. Patel
Shri P. J. Joshi
Smt P. R. Ahir
Smt P. B. Ratiya
Shri P. R. Patel

*Half Yearly Newsletter Published by*

Gujarat Vidyapith
KRISHI VIGYAN KENDRA
AMBHETI –396 191
Dist. Valsad (Gujarat)
E-mail : kvkvalsad@gmail.com
Website : www.kvkvalsad.org

## Seminar on Climate Smart Technologies and Medicinal Plants

Krishi Vigyan Kendra organized a Seminar on Climate Smart Technology and Medicinal Plants on 26th March, 2022 at Khuntli village of Kaprada block of Valsad in collaboration with ZANDU Foundation for Health Care, Ambach. The seminar was inaugurated by Shri. Jitubhai Chaudhary, Hon. State Minister, Fisheries (independent charge), Narmada, water resources and water supply, Gujarat State. Mr. Gulabbhai Raut, Chairman, Excecutive Committee, District Panchayat, Valsad and Mr. Mohanbhai Garel, President, Taluka Panchayat, Kaprada also remained present as chief guests. More than 470 farmers and farm women of Khuntli, Amdha, Panas and Ozarda villages were participated in this programme. Dr. R. F. Thakor, Sr. Scientist & Head, KVK and Mr P. J. Joshi, KVK explained major achievements made by KVK under climate smart technologies in NICRA villages. Dr V. K. Bists, Scientist, Zandu foundation inspired the farmers about cultivation of medicinal plants. Hon. State minister Shri Jitubhai applause the activities carried out by KVK for the welfare of the tribal farmers of the district. He also advised the farmers to take maximum benefit of KVK and to adopt various agriculture technologies. The progressive farmers of NICRA project were also honoured by the minister on this occasion.






## બદલાતા વાતાવરણમાં ઔષધિય પાકોની ખેતી વિશે પરિસંવાદ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કપરાડા તાલુકાના ખુંટલી ગામે તા. ૨૬/૦૩/૨૨ના રોજ ઝંડુ ફાઉન્ડેશન ફોર હેલ્થ કેર, અંબાચના સંકલનમાં બદલાતા વાતાવરણમાં ઔષધિય પાકોની ખેતી વિશે પરિસંવાદ યોજાયેલ. કાર્યક્રમનું ઉદઘાટન માન. શ્રી. જીતુભાઇ ચૌધરી, માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, કલ્પસર અને મત્સ્યોદ્યોગ (સ્વતંત્ર હવાલો), નર્મદા જળ સંપત્તિ અને પાણી પુરવઠો, ગુજરાત દ્વારા કરવામાં આવ્યું. શ્રી ગુલાબભાઇ રાઉત, કારોબારી અધ્યક્ષ, જિલ્લા પચાયત., વલસાડ અને શ્રી મોહનભાઇ ગરેલ, પ્રમુખશ્રી, તાલુકા પંચાયત, કપરાડા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ખુટલી, આમધા, પાનસ અને ઓઝરડા ગામના ૪૭૦થી વધુ ખેડુત ભાઇ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કેવીકેના વડાશ્રી ડૉ. આર. એફ. ઠાકોર અને પી. જે. જોષી દ્વારા નિકરા પ્રોજેક્ટની ઉપલબ્ધિઓ વિશે જાણકારી આપી હતી. ડૉ. વિનોદ બિસ્ટ, ઝંડુ ફાઉન્ડેશન દ્વારા ખેડુતોને ઔષધિય પાકોની ખેતી માટે પ્રેરિત કર્યા હતા. માન. મંત્રીશ્રી જીતુભાઇએ આદિવાસી ખેડુતો માટે કેન્દ્ર દ્વારા કરવામાં આવેલ કામગીરીને બિરદાવી ખેડુતોને વિવિધ તાંત્રિક્તાઓ અપનાવવા અનુરોધ કર્યો હતો. નિકરા પ્રોજેક્ટમાં ઉમદા કામગીરી કરવા બદલ પ્રગતિશીલ ખેડુતોનું આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું.

**કિસાન કોલ સેન્ટર ૧૮૦૦૧૮૦૧૫૫૧**

## Kisan Mela

Kisan Mela was organized on 26th April, 2022 at Krishi Vigyan Kendra in collaboration with ATMA Project, Valsad as a part of celebration of Kisan Bhagidari Prathmikta Hamari Abhiyan under Azadi ka Amrut Mahotsav. More than 271 farmers and farm women from different villages were participated. Hon. Agri. Minister Shri. Narendrasinh Tomar addressed the farmers in virtual mode. Smt. Alkaben Shah, President, District Panchayat, Valsad explained about various schemes and steps taken by Government for upliftment of farming community and motivated the farmers to take this advantage. Mr. Mohanbhai Garel, President of Kaprada guided the farmers to adopt latest agriculture technologies to increase their income. Mr Arunbhai Garasiya (District Agriculture Officer), Dr. Virenbhai Bhuva(Deputy Director of Animal Husbandry) and Mr. Kevinbhai Chahvala (Horticulture Officer) informed the farmers about various schemes implemented by respective departments. Dr. Ketanbhai Mungra (Scientist, NAU, Navsari) described about biofortification. Dr. Ashokbhai (Associate Coordinator, SPNF, Valsad) guided the farmers about Natural Farming (Prakrutik Kheti). The farmers were also aware about farm mechanization by expert. Shri. H. R. Patel, District Registrar, Valsad and other officials of line department were also remained present. Agriculture Exhibition was also organized in which various technologies related to Parkrutik Kheti, farm machinery, women entrepreneurship through SHGs. organic products, etc. were exhibited. The farmers visited the exhibition and demonstration units at KVK.





## કિસાન મેળો

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત કિસાન ભાગીદારી પ્રાથમિક્તા હમારી અભિયાન હેઠળ આત્મા પ્રોજેક્ટના સંકલનમાં તા. ૨૬/૦૪/૨૦૨૨ના રોજ કેવીકે ખાતે કિસાન મેળાનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ૨૭૧થી વધુ ખેડુતોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે માન. કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રી નરેન્દ્રસિંહ તોમરના ઓન લાઇન પ્રવચનમાં ખેડુતોએ ભાગ લીધો હતો. શ્રીમતી અલકાબેન શાહ, પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત, વલસાડ એ ખેડુતો માટે સરકારશ્રીની યોજનાઓનો વિસ્તૃત ખ્યાલ આપી તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. શ્રી. મોહનભાઇ ગરેલ, પ્રમુખશ્રી, તાલુકા પંચાયત, કપરાડાએ ખેડુતોને અદ્યતન તાંત્રિક્તાઓ અપનાવવા માટે ભાર મૂક્યો હતો. શ્રી અરુણભાઇ ગરાસિયા (જિ.ખે.અ.), ડૉ. વિરેનભાઇ ભુવા (નાયબ પશુપાલન નિયામક) અને શ્રી. કેવીનભાઇ ચાહવાલા (બાગાયત અધિકારી) એ સંલગ્ન યોજનાઓની જાણકારી આપી હતી. શ્રી. કેતનભાઇ મુંગરા (વૈજ્ઞાનિક, ન.કૃ.યું, નવસારી) એ બાયોફોર્ટીફીકેશન તેમજ શ્રી. અશોકભાઇ (સહસંયોજક, એસપીએનએફ, વલસાડ)એ પ્રાકૃતિક ખેતી વિશે માર્ગદર્શન આપ્યું હતું. ખેડુતોને કૃષિ યાંત્રિકીકરણ વિશે પણ માહિતગાર કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં જિલ્લા રજીસ્ટ્રારશ્રી એચ. આર. પટેલ તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કેન્દ્ર ખાતે ગોઠવવામાં આવેલ કૃષિ પ્રદર્શનમાં સરકારના વિવિધ વિભાગો, કેવીકે, પ્રાકૃતિક ખેતી, ફાર્મ મશીનરી, સ્વ સહાય જૂથ વગેરે સ્ટોલની તેમજ કેવીકે ખાતેના નિદર્શન એકમોની ખેડુતોએ મુલાકાત લીધી હતી.

## PM Interaction Webcast Programme

The programme was organized at KVK on 31st May,2022 in collaboration with department of Agriculture in which about 229 farmers were participated. The programme was inaugurated by Shri. Mohanbhai Garel, President, Taluka Panchayat, Kaprada. Shri. K. A. Patel (KVK) highlighted the objectives of this programme. Shri. Pratik Patel, Asst. Director of Agri. informed participants about various schemes of Government. Shri Ankur Prajapati, BTM, ATMA project and Shri. Nikunj Thakor, Coordinator, SPNF motivated the farmers for natural farming. The farmers participated in live webcast programme of Hon. PM from Shimla(HP) and interacted with beneficiaries of different schemes.



## પ્રધાનમંત્રીનો સંવાદ કાર્યક્રમ

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તા. ૩૧/૦૫/૨૦૨૨ ના રોજ માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા શિમલા ખાતેથી સરકારશ્રીની વિવિધ યોજનાના લાભાર્થીઓ સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સંવાદ કાર્યક્રમના જીવંત પ્રસારણ કાર્યક્રમ કેવીકે ખાતે ગોઠવવામાં આવેલ. જેમાં ૨૨૯ જેટલા ખેડુતોએ ભાગ લીધો હતો. કેન્દ્રના વિષય નિષ્ણાંતશ્રી કે. એ. પટેલે કાર્યક્રમનો હેતુ સમજાવ્યો હતો. શ્રી. પ્રતિક પટેલ (મ.ખે.નિ.)એ સરકારની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી હતી. શ્રી અંકુરભાઇ (આત્મા પ્રોજેક્ટ) અને શ્રી નિકુંજભાઇ (સંયોજક, SPNF) દ્વારા પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કરવામાં આવેલ.

## Seminar on ground water management

Under the Azadi ka Amrut Mahotsav Abhiyan, seminar on ground water scenario and management was organized with Central Ground Water Board Ahmedabad at Panas Village on 29th June,2022. About 107 farmers and farm women of 5 villages were participated in the event. Dr V. Krishnamurthy, Regional director (CGWB) shared his views on present scenario of ground water and future needs of water for the nation. Dr. Jain described in detail about the ground water situation and availability at present and future challenges for Valsad district. Dr. Thakor (Chief Scientist and Head of KVK) has explained the impact of NRM activities carried out in the NICRA villages. P J Joshi (KVK) guided the farmers on efficient use of water in agriculture. The farmers also expressed their views on the occasion.



## ખેડુત શિબિર- જળ વ્યવસ્થાપન

કેન્દ્રીય ભૂગ્રભ જળ બોર્ડ, અમદાવાદના સંકલનમાં કેવીકે દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણી અંતર્ગત પાનસ ગામે તા.૨૯/૦૬/૨૨ના રોજ ભૂગર્ભ જળ પરિસ્થિતી અને વ્યવસ્થાપન વિશે ખેડુત શિબિર યોજાઇ. જેમાં જુદા જુદા ગામના ૧૦૭ જેટલા ખેડુત ભાઇ બહેનોએ ભાગ લીધો હતો. ભૂગર્ભ જળ બોર્ડના ક્ષેત્રિય નિયામકશ્રીએ હાલની ભૂગર્ભ જળની પરિસ્થિતિ અને દેશની ભવિષ્યની જરૂરિયાત વિશે પોતાના મંતવ્યો રજૂ કર્યા. ડૉ. જૈન દ્વારા વલસાડ જિલ્લાની હાલની ભૂગર્ભ જળની પરિસ્થિતિ અને ભાવિ પડકારો વિશે જાણકારી આપવામાં આવી. કેવીકેના વડાશ્રી ડૉ. આર. એફ. ઠાકોર દ્વારા નિકરા ગામમાં જળ સંરક્ષણ અંગે થયેલ કામગીરીની વિગતો આપવામાં આવી. કેવીકેના તજજ્ઞશ્રી પી. જે. જોષીએ ખેડુતોને પાણીના કાર્યક્ષમ ઉપયોગ વિશે જાગૃત કર્યા. ખેડુતોએ પણ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા.

## World pulses day campaign

KVK organized campaign on the occasion of World Pulses Day with the theme "Atmanirbhar Bharat- Harnessing potential pulses for import substitution" on 10th Feb., 2022. On this occasion, Seminar and training programme were organized at KVK in which 113 farmers and farm women participated. SMSs of KVK delivered lectures on scope and importance of pulses, characteristics of different variety of pulses, new technology of pulses to increase the productivity and enhance quality, INM and IPM in pulses, post harvest management and value addition, etc.



## વિશ્વ કઠોળ દિવસ અભિયાન

"આત્મ નિર્ભર ભારત– આયાતના વિકલ્પરૂપ સંભવિત કઠોળ ઉપજ"ના ધ્યેય સાથે કેવીકે દ્વારા વિશ્વ કઠોળ દિવસ નિમિતે અભિયાન હાથ ધરવામાં આવ્યું. જે અંતર્ગત આયોજિત તાલીમ અને શિબિરમાં ૧૧૩ જેટલા ખેડુત ભાઇ બહેનોએ ભાગ લીધો. કેન્દ્રના વિષય નિષ્ણાંત દ્વારા કઠોળનું મહત્વ, જુદી જુદી જાતોના લક્ષણો, કઠોળની ગુણવત્તા અને ઉત્પાદન વધારવા માટેની અદ્યતન તાંત્રિક્તાઓ, સંકલિત ખાતર અને રોગ જીવાત નિયંત્રણ, કાપણી પછીનું વ્યવસ્થાપન, મૂલ્યવર્ધન, વગેરે વિશે ખેડુતોને માહિતગાર કરવામાં આવ્યાં.

## International Women day

KVK celebrated the International Women day with theme "Atmanirbhar Bharat- Empowering women farmers with skill and knowledge" on 8th March, 2022. On this occasion, seminar was organized at KVK in which 88 farm women were participated. Subject Matter Specialist of KVK delivered lectures on scope and importance of empowering women farmers with skill and knowledge. In this event farm women of the surrounding villages viz - Pati, Sukhala, Dhodhadkuva, Khutli, Amdha and Ambheti were participated. They were aware about various vocations related to the women entrepreneurship to become self reliant. Mrs. Sheela Patel (Professor, Arts & Commerce college , Motapondha) was the Chief guest of the event.





## વિશ્વ મહિલા દિવસ

"આત્મ નિર્ભર ભારત- કૌશલ્ય અને જ્ઞાન થકી મહિલા ખેડુત સશક્તિકરણ" ઉદેશથી કેન્દ્ર ખાતે તા. ૦૮/૦3/૨૦૨૨ના રોજ વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં આયોજિત શિબિરમાં પાટી, સુખાલા, ધોધડકુવા, ખુંટલી, આમધા, અંભેટા વગેરે ગામોની ૮૮ જેટલી બહેનોએ ભાગ લીધો. કેવીકેના ગૃહ વૈજ્ઞાનિક દ્વારા કૌશલ્ય અને જ્ઞાન થકી મહિલા ખેડુત સશક્તિકરણ વિશે સજાગ કરી બહેનોને સ્વનિર્ભરતા માટે વિવિધ ગૃહઉદ્યોગો વિશે સમજ આપવામાં આવી. આ પ્રસંગે મોંટાપોંઢા કોલેજના પ્રોફેસર શ્રીમતિ શીલા પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

## Awareness on Balance use of fertilizers

KVK organized Farmers' Awareness Programme on "Balanced Use of Fertilizers" at Amdha village on $21^{st}$ June, 2022 under the celebration of Azadi ka Amrit Mahotsav. About 41 farmers were actively participated in the awareness programme. KVK Scientist urged farmers for prompt conservation & management of soil. Various NRM technologies were also discussed. The Yoga Day was also celebrated in this programme.



## ખાતરના સંતુલિત વપરાશ અંગે જાગૃત્તા શિબિર

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તા. ૨૧/૦૬/૨૨ના રોજ આમધા ગામે ખાતરના સંતુલિત વપરાશ અંગે જાગૃત્તતા શિબિર ગોઠવવામાં આવી. જેમાં અંદાજે ૪૧ જેટલા ખેડુતોએ ભાગ લીધો હતો. કેવીકેના તજજ્ઞો દ્વારા ભાવી પેઢીને તંદુરસ્ત જમીન આપવા માટે યોગ્ય જમીન સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે અનુરોધ કરવામાં આવ્યો. આ પ્રસંગે યોગા દિવસની પણ ઉજવણી કરવામાં આવી.

## Soil Health Camp

KVK organized Soil Health Camp at Arnai village on $21^{st}$ June, 2022 to make the farmers aware about use of cheaper and ecofriendly liquid biofertilizers, and vermicompost as a best option of costly chemical fertilizers. About 100 farmers were actively participated in the programme. Shri. L. T. Kapur(Soil Scientist of KVK) guided the farmers about various aspects of soil health management. On this occasion, KVK also organized demonstrations on Novel liquid biofertilizers (Product of NAU) and waste decomposers.



## જમીન તંદુરસ્તી કેમ્પ

ખેડુતોને મોંઘા રાસાયણિક ખાતરોના વિકલ્પ તરીકે સસ્તાં અને પર્યાવરણિય સુરક્ષિત, પ્રવાહી જૈવિક ખાતરો, વર્મી કમ્પોસ્ટ વગેરે અંગે વિસ્તૃત માહિતી મળી રહે તે હેતુથી કેન્દ્ર દ્વારા અરણાઇ ગામે જમીન તંદુરસ્તી કેમ્પનુ આયોજન કરવામાં આવ્યું. કેન્દ્રના જમીન વૈજ્ઞાનિકશ્રીએ ઉપસ્થિત ૧૦૦ જેટલા ખેડુતોને જમીન તંદુરસ્તી વિશે ઉપયોગી માર્ગદર્શન આપ્યું. કેન્દ્ર દ્વારા નોવેલ પ્રવાહી જૈવિક ખાતર અને વેસ્ટ ડિકંપોઝરના નિદર્શનો ગોઠવવામાં આવ્યા.

## SAC Meeting

31st Scientific Advisory Committee Meeting of KVK was arranged on 19th Feb.,2022 under the chairmanship of Dr Rajendra Khimani, Vice Chancellor, Gujarat Vidyapith. Dr Nikhil Bhatt (Registrar, GVP), scientists of NAU, Navsari, officials from various department of district and farmers members were participated. Dr R. F. Thakor, Chief Scientist & Head and experts of KVK presented the activities carried out during last year. The members appreciated the progress made by KVK and gave valuable suggestions. Action plan for the next year was also finalized.



## વૈજ્ઞાનિક સલાહકાર સમિતિ બેઠક

કેવીકેની ૩૧મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક તા.૧૯-૦૨-૨૦૨૨ના રોજ કેન્દ્ર ખાતે ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયકશ્રી ડૉ.રાજેન્દ્રભાઇ ખીમાણીના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં વિદ્યાપીઠના કુલસચિવશ્રી ડૉ. નિખિલભાઇ, નવસારી કૃષિ યુનિ.ના વૈજ્ઞાનિકશ્રીઓ, જીલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ તથા ખેડુત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિકશ્રી તથા તજજ્ઞો દ્વારા ગત વર્ષ દરમ્યાન કરવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિઓના અહેવાલ રજૂ કરવામાં આવ્યાં. ઉપસ્થિત સભ્યોએ કેન્દ્રની કામગીરીને બિરદાવી ઉપયોગી સૂચનો કર્યા.

**BOOK - POST**

**From -**
Gujarat Vidyapith
Krishi Vigyan Kendra
Ambheti, Via. Vapi
Ta. Kaprada, Dist. Valsad (Gujarat) 396191